શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

શ્રી શત્રુંજય મુક્તિ

सा विद्या या विमुक्तये

સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

દ્વિતિય વર્ષ

C/o. શ્રી વીરબાઈ પાઠશાળા, નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦

[સમ્યગ્જ્ઞાન પરિચય] અભ્યાસ- ૫

**શુભાશીર્વાદ :** તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.

**દિવ્ય-કૃપા :** આગમ આરાધિકા, બા.બ્ર.પ. પૂ. સા. **શ્રી મુક્તિશ્રીજી** મ.સા.,
શાસન પ્રભાવિકા પ. પૂ. સા. **શ્રી જયલક્ષ્મીશ્રીજી** મ.સા.

**માર્ગદર્શિકા-પ્રેરીકા :** **સા. જયદર્શિતાશ્રીજી** M.sc., Ph.D.

*સૌજન્ય :* સુશ્રાવકવર્ય શ્રી રાયચંદભાઈ હંસરાજ ધરમશી કચ્છ સુથરી હાલ-વરલી

# સ્તોત્ર-અર્થ રહસ્ય

## ૨. અજિત-શાંતિ સ્તવ (ચાલુ)

### ચિત્તલેહા (ચિત્રલેખા) છંદ

ઈક્ખાગવિદેહનરીસર, નરવસહા મુણિવસહા;
નવસારય સસિસકલાણણ, વિગયતમા વિહુયરયા.
અજિઉત્તમ તેઅગુણેહિં મહામુણિ, અમિઅબલા વિઉલકુલા;
પણમામિ તે ભવભયમૂરણ, જગસરણા મમ સરણં. ચિત્તલેહા. ૧૩

### નારાયઓ ( નારાચક) છંદ

દેવદાણવિંદ ચંદસૂરવંદ હટ્ઠતુટ્ઠ જિટ્ઠ પરમ;
લટ્ઠરૂવ ધંતરૂપ્પ પટ્ટસેય સુદ્ધનિદ્ધ ધવલ.

**દંતપંતિ સંતિ સત્તિ કિત્તિ મુત્તિ જુત્તિ ગુત્તિપવર;**
**દિત્તતેઅ વંદધેઅ સવ્વલોઅ,**
**ભાવિઅ પ્પભાવણેઅ પઈસમે સમાહિં. નારાયઓ...૧૪**

**શબ્દાર્થ :-**

**ઈક્ખાગ** – હે ઈક્ષ્વાકુ વંશમાં ઉત્પન્ન થયેલા
**વિદેહનરીસર** –હે વિદેહ નરેશ
**નરવસહા** –હે મનુષ્યોમાં શ્રેષ્ઠ
**મુણિવસહા** – હે મુનિઓમાં શ્રેષ્ઠ
**નવ** –નવા
**સારય** –શરદ ઋતુના
**સસિસક્લ** – પૂર્ણચંદ્ર જેવા
**આણણ** –મુખવાળા
**વિગયતમા** –જેમનું અજ્ઞાનરૂપ અંધકાર ગયું છે એવા
**વિહુયરયા** –કર્મરૂપ રજ જેમણે દૂર કરી છે.
**અજિઅ** –ન જીતાય તેવા
**ઉત્તમ** –ઉત્તમ
**તેઅગુણેહિં** – તે જ ગુણો વડે
**મહામુણિ** –મોટા મુનિઓથી
**અમિઅબલા** –જેનું બળ માપી શકાય નહીં તેવા
**વિઉલકુલા** –હે વિશાલ કુળવાળા
**પણમામિ** –હું પ્રણામ કરું છું.
**તે** –તમારું
**ભવભયમૂરણ** –હે સંસારના ભયને ભાંગનાર
**જગસરણા** –જગતને શરણરૂપ
**મમ** –મારે
**સરણ** –શરણ હો
**દેવદાણવિંદ** –વૈમાનિક તથા ભવનપતિ દેવના ઈંદ્રો
**ચંદસૂર** –ચંદ્ર તથા સૂર્ય
**વંદ** –વંદન કરવા યોગ્ય
**હટ્ઠ** –આરોગ્યવાળા
**તુટ્ઠ** – સંતોષવાળા
**જિટ્ઠ** –જયેષ્ઠ/પ્રશંસા કરવા યોગ્ય
**પરમલટ્ઠરૂવ** –અતિ સુંદર રૂપવાળા
**ધંતરૂપ્પ** –ધમેલા રૂપાના
**પટ્ટ**–પાટા જેવી
**સેય** –શ્રેષ્ઠ
**સુદ્ધ** –નિર્મળ
**નિદ્ધ** –સ્નિગ્ધ / અરુક્ષ
**ધવલ** –ધોળી
**દંતપંતિ** –દાંતની પંક્તિવાળા
**સંતિ** –શાંતિ
**સત્તિ** –શક્તિ
**કિત્તિ** –કીર્તિ
**મુત્તિ** –નિર્લોભપણું
**જુત્તિ** –યુક્તિ/ન્યાયી વચન
**ગુત્તિ** –ત્રણ પ્રકારની ગુપ્તિ
**પવર** –તેનાથી શ્રેષ્ઠ
**દિત્તત** –પ્રદીપ્ત તેજવાળા
**વંદધેય** –વંદન કરવા યોગ્ય પુરુષોને ધ્યાન કરવા યોગ્ય
**સવ્વલોઅ** – સર્વ લોકોએ
**ભાવિઅ** –ભાવેલા
**પ્પભાવણેઅ** –પ્રભાવથી જાણવા યોગ્ય
**પઈસ** –આપો
**મે** –મને
**સમાહિં** –સમાધિને

**ગાથાર્થ :-** હે ઇક્ષ્વાકુ વંશમાં થયેલા, હે વિદેહ દેશના રાજા! હે મનુષ્યોમાં શ્રેષ્ઠ! હે મુનિઓમાં શ્રેષ્ઠ! હે શરદઋતુના નવા પૂર્ણ ચંદ્ર જેવા મુખવાળા! હે અજ્ઞાનરૂપ અંધકારથી રહિત! હે કર્મરૂપ રજને દૂર કરનારા! હે નહીં જીતાયેલા! હે ગુણોથી ઉત્તમ મહામુનિ! જેનું બળ માપેલું નથી એવા! હે વિશાળ કુળવાળા! હે સંસારનો ભય ભાંગનારા! હે જગતના શરણરૂપ! તમને હું નમસ્કાર કરું છું. તમે મારા શરણરૂપ થાઓ......૧૩

વૈમાનિક અને ભુવનપતિ દેવતાના ઈંદ્રોને, ચંદ્ર અને સૂર્યને વંદન કરવા યોગ્ય, આરોગ્યવાન, સંતોષી, જયેષ્ઠ, અતિશય પ્રશંસા કરવા યોગ્ય રૂપવાળા, ધમેલા રૂપાના પાટા જેવી, શ્રેષ્ઠ, નિર્મળ, સ્નિગ્ધ અને ધોળી દાંતની પંક્તિવાળા, શાંતિ, શક્તિ, કીર્તિ, મુક્તિ, યુકિત, એ ત્રણ પ્રકારની ગુપ્તિથી શ્રેષ્ઠ તેજવાળા, સર્વ લોકોએ ભાવેલા અને પ્રભાવથી જાણવા યોગ્ય એવા હે શાંતિજિન! તમે મને સમાધિ આપો....૧૪ **કુસુમલયા (કુસુમલતા) છંદ**

**વિમલસસિકલાઈરેઅ સોમં, વિતિમિરસૂર કરાઈરેઅતેઅં;**
**તિઅસવઈગણાઈરેઅરૂવં, ધરણિધરપ્પવરાઈરેઅસારં. કુસુમલયા...૧૫**

**ભુઅગપરિરિંગઅં (ભુજગપરિરિંગિત) છંદ**

**સત્તેઅ સયા અજિઅં, સારીરે અ બલે અજિઅં;**
**તવસંજમે અ અજિઅં,**
**એસ અહં થુણામિ જિણં અજિયં. ભુઅગપરિરિંગિઅં........૧૬**

**ખિજ્જિઅયં (નિર્ઝિંતક) છંદ**

**સોમગુણેહિં પાવઈ ન તં, નવસરયસસી,**
**તેઅગુણેહિં પાવઈ ન તં, નવસરયરવી;**
**રૂવગુણેહિં પાવઈ ન તં, તિઅસગણવઈ,**
**સારગુણેહિં પાવઈ ન તં, ધરણિધરવઈ, ખિજ્જિંઅયં.......૧૭**

**શબ્દાર્થ :-**

**વિમલ** - નિર્મળ
**સસિકલા** -ચંદ્રકળાથી
**અઈરેઅ** -વધારે
**સોમં** -સૌમ્યતાવાળા
**વિતિમિર** -વાદળાંના અંધકાર વગરના
**સૂરકરા** -સૂર્યના કિરણોથી
**અઈરેઅતેઅં** -અધિક તેજવાળા
**તિઅસવઈ** -દેવતાઓના પતિ ઈંદ્રોના
**ગણ** -સમૂહથી
**અઈરેઅરૂવં** -અધિક રૂપવાળા
**ધરણિધર** -પર્વતોમાં
**પ્પવર** -શ્રેષ્ઠ મેરુ પર્વતથી
**અઈરેઅસારં** -અધિક સારવાળા

**સત્તે** -સત્વમાં
**સયા** -નિરંતર
**અજિઅં** -નહીં જીતાએલા
**સારીરે** -શરીરના
**બલે** -બળમાં
**તવસંજમે** -તપ અને સંયમમાં
**એસઅહં** -આ હું
**થુણામિ** -સ્તવું છું.
**જિણંઅજિયં** -અજિત જિન ભગવાનને
**સોમગુણેહિં** -સૌમ્ય ગુણોથી
**પાવઈ ન તં** -તે અજિતનાથ ભગવાનને પામી શકતા નથી
**નવ** -ના
**સરયસસી** -શરદ ઋતુના ચંદ્ર
**તેઅગુણેહિં** -તેજના ગુણોથી
**નવસરય** -નવા શરદઋતુના
**રવી** -સૂર્ય
**રૂવગુણેહિં** -રૂપના ગુણોથી
**તિઅસગણવઈ** -દેવતાના ગણના ઈંદ્ર પતિ
**સારગુણેહિં** - સ્થિરતાના ગુણોથી
**ધરણિધરવઈ** -પર્વતોના પતિ મેરુ પર્વત.

**ગાથાર્થ :-** નિર્મળ ચંદ્રની કળાથી અધિક સૌમ્ય ગુણવાળા, વાદળાંના અંધકાર વગરનાં સૂર્યના કિરણોથી અધિક તેજવાળા. દેવતાના પતિ ઈંદ્રના સમૂહથી અધિક રૂપવાળા, પર્વતોમાં શ્રેષ્ઠ, એવા મેરુ પર્વતથી અધિક સારવાળા, સત્ત્વમાં કદી નહીં જીતાયેલા, શરીરના બળમાં નહીં જીતાએલા અને તપ, સંયમમાં નહીં જીતાએલા અજિતનાથ ભગવાનને સ્તવું છું.....૧૫-૧૬

સૌમ્યના ગુણોથી નવીન શરદ ઋતુનો ચંદ્ર તેમને પામી શકતો નથી, તેજના ગુણોથી નવીન શરદ ઋતુનો સૂર્ય તેમને પામી શકતો નથી, રૂપના ગુણોથી દેવતાનો પતિ ઈંદ્ર તેમને પામી શકતો નથી અને સ્થિરતાના ગુણથી પર્વતોનો પતિ મેરુ પર્વત તેમને પામી શકતો નથી.....૧૭



જલ પૂજા



ચંદન પૂજા



# શ્રી ગણધરવાદ (ચાલુ)

## ૪ થા ગણધર શ્રી વ્યક્તસ્વામી

**આધાર ગ્રંથ - શ્રી કલ્પસૂત્ર : અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરિ મ.સા. તથા સચિત્ર ગણધરવાદ : પ.પૂ. અરૂણવિજયજી મ.સા.**

આજથી અઢી હજાર વર્ષ પૂર્વે આર્યાવર્ત ભારતભૂમિના મગધદેશની સમીપમાં કોલ્લાગ સન્નિવેશ ગામ વિદ્યાનું ધામ ગણાતું હતું. મોટા મોટા વિદ્વાનો આ ગામમાં વસતા હતા. બ્રાહ્મણોનું વર્ચસ્વ હતું. ભારદ્વાજ ગોત્રના એક વિદ્વાન બ્રાહ્મણ ધનમિત્રના ધર્મપત્ની વારૂણીદેવીની કુક્ષીએ એક બાલક આવ્યો. માતાએ ગર્ભમાંથી જ વિદ્યાના ઉત્તમ સંસ્કાર મળે તે કાળજી રાખી અને યોગ્ય સમયે શ્રવણનક્ષત્રમાં બાલકને જન્મ આપ્યો. વ્યક્તકુમાર એનું નામકરણ કરવામાં આવ્યું. એમનું પુરૂં નામ- શ્રી વ્યક્ત ધનમિત્ર ભારદ્વાજ હતું.

સોળે કળાએ ખીલતા ચન્દ્રમાની જેમ બાળક મોટો થયો. પિતાએ વિદ્વાનો પાસે ભણાવી કરી ને વિદ્વાન બનાવ્યો. વ્યક્ત એક વિદ્વાન અધ્યાપક તરીકે પ્રસિદ્ધ થયા. વેદ-વેદાન્તના પારંગામી અને કર્મકાંડી પંડિત તરીકેની તેમની પ્રસિદ્ધિ થઇ. અધ્યાપનના વ્યવસાયમાં તેમના ૫૦૦ શિષ્યો તૈયાર થયા હતા. દ્વિજસમાજમાં એમની યશકીર્તિ ઘણી સારી પ્રસરી હતી.

વેદ-વેદાન્તોનું અધ્યયન કરતા આ પંડિત શ્રી વ્યક્તને એવું લાગ્યું કે **'' બ્રહ્મસત્યં જગત્-મિથ્યા'', સ્વપ્નોપમં વૈ-જગત્ ''** અર્થાત જગત્ તો મિથ્યા છે. સ્વપ્નના જેવો આ સંસાર છે. ઈન્દ્રજાલ જેવું બધું રૂપ છે. તો પછી પૃથ્વી જલ, તેજ, વાયુ, આકાશ આ જે પંચમહાભૂતથી આ સંસાર બન્યો છે. તો શું આ વાત ખોટી? પરસ્પર વિરોધાભાસી આ વાતોમાંથી વ્યક્ત પંડિતના મનમાં એવી શંકા ઘર કરી ગઇ કે પંચભૂત છે કે નહીં? અને એમને એમના મનમાં નિર્ધાર કરી લીધો કે સ્વપ્ન જેવો આ સંસારમાં ઈન્દ્રજાલ જેવા માયાવી સંસારમાં પંચભૂત જેવું કંઇ છે જ નહીં.

યોગાનુયોગ શ્રી વ્યકત પંડિતને પણ પોતાના ૫૦૦ શિષ્ય પરિવાર સાથે અપાપાપુરીમાં સોમિલ બ્રાહ્મણના યજ્ઞમાં પધારવાનું થયું. અને યજ્ઞાવસરે પોતાની આગળના પંડિતોને સમવસરણે ગયેલા જાણીને તે પણ ત્યાં પહોંચ્યા. વ્યક્તપંડિત પોતના પાંચસો વિદ્યાર્થી શિષ્ય પરિવાર સાથે પ્રભુ પાસે સંશય પૂછવા આવ્યા, ત્યારે પ્રભુએ કહ્યું કે, ''હે વ્યક્ત ! તને પાંચભૂત વિષે વેદપદોથી શંકા થઇ તે તારી શંકા અયોગ્ય છે કારણ કે, **''યેન સ્વપ્નો પંચવૈસકલં ઈત્યેષ બ્રહ્માવિધિરંજસા વિજ્ઞેયઃ''** આ પદનો અર્થ તું એવો સમજે છે કે પાંચભૂત જેવી કોઇ વસ્તુજ આ જગતમાં નથી. આ જગતમાં બધું જ સ્વપ્ન સમાન છે. આ પદમાં જે બધું સ્વપ્નમય છે એમ જણાવાયું છે તેનો અર્થ આત્માને પરમાત્મા બનાવવા માટે સ્ત્રી, પુત્ર,

કુટુંબ, પરિવાર, ધનસંપત્તિ વગેરે સ્વપ્નમાં મળ્યા જેવી છે એ વસ્તુઓ પર આસક્તિ કરવા જેવી નથી. આ આત્મા આ બધી વસ્તુઓને સ્થિર અને પોતાની માની એના માટે પ્રયત્ન કરતો છતો ઘણોજ દુઃખી થઇ ગયો છે. અનંત કાળ સુધી અનંત ભવભ્રમણ કરતો અસહ્ય અનંત દુઃખોનો ભોગવનાર થયો છે. આત્માને દુઃખ મુક્ત થવું હોય તો એ વસ્તુઓને સ્વપ્ન સમાન સમજી એના પરની આસક્તિ છોડી આત્માએ મોક્ષ માટે પ્રયત્ન કરવો જોઇએ. એવી રીતનોજ એ વેદપદોનો સત્ય અર્થ છે. પરંતુ એ વેદપદ ભૂતોનો અભાવ સૂચવનાર નથી કારણ કે **''પૃથ્વી દેવતા અપો દેવતા''** ''ઇત્યાદિ વેદપદોથી ભૂતોની સત્તા જ સૂચવાયેલ છે. વીર પ્રભુનાં વચનોથી વ્યક્તનો સંદેહ દૂર થઇ ગયો અને તે પ્રભુના ચરણમાં નમી પડ્યો. અને પોતાના પાંચસો વિદ્યાર્થી શિષ્યો સાથે દીક્ષા લઇ પ્રભુનો શિષ્ય થયો. પછી તરત પ્રભુ પાસેથી ત્રિપદી મેળવી તેણે દ્વાદશાંગીની રચના કરી.

જ્ઞાની – મહાજ્ઞાનીના ચરણોમાં જીવન સમર્પિત કરીને તેઓ પણ ૫૦૦ શિષ્યો સાથે ૫૦ વર્ષની ઉંમરે સંસાર છોડી દીક્ષા લઇ સાચા અણગાર બન્યા. સ્યાદ્વાદનો સિદ્ધાન્ત સમજ્યા. ત્રિપદી પામી દ્વાદશાંગીની રચના કરી. અને ભગવાન શ્રી મહાવીરના શ્રમણસંઘમાં ચોથા ગણધર તરીકેનું અદ્ભૂત માન મેળવ્યું.

ચોથા આરામાં જન્મેલા અને તદ્ભવમોક્ષગામી આત્મા એવા શ્રી વ્યક્તસ્વામી વજઋષભનારાચ સંઘયણ અને સમચતુરસ્ત્ર સંસ્થાન યુક્ત, ઉત્તમ શરીર ધરાવતા હતા. ૫૦ વર્ષ ગૃહસ્થાશ્રમમાં વીતાવ્યા પછી તેમને ૩૦ વર્ષ સુધીનો કુલ ચારિત્ર પર્યાય થયો. ૩૦ વર્ષના ચારિત્રકાળમાં ૧૨ વર્ષ સુધી છદ્મસ્થ રહીને ઉંમરના ૬૨ માં વર્ષે અને ચારિત્ર લીધા પછીના ૧૨ માં વર્ષે તેઓ ભગવાન મહાવીરની હયાતીમાં જ ચારે ઘનઘાતી કર્મોનો ક્ષયકરીને કેવળજ્ઞાની –કેવળદર્શી બન્યા. ૧૮ વર્ષ સુધી સર્વજ્ઞ-સર્વદર્શી તરીકે આ ધરતીને પાવન કરી અનેક ભવ્યાત્માઓને તારી તેઓ શ્રી ૮૦ વર્ષની ઉંમરે રાજગૃહી પધાર્યા અને તેમણે પોતાનું સમાપ્ત થતુ આયુષ્ય જાણીને અન્તિમ ૧ માસની સંલેષણા કરીને સમાધિપૂર્વક પ્રભુની હયાતીમાં જ નિર્વાણપદ એવા મોક્ષને પામ્યા. સદાને માટે સંસારનો અન્ત કર્યો અને સિદ્ધધામે બિરાજમાન થયા તેમની પછી કોઇ શિષ્ય પરંપરા નથી ચાલી.

## પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામી

અગ્યારે ગણધરોમાં ઘણી લાંબી અને આજ દિવસ સુધી ચાલી રહેલી શિષ્યપરંપરા જો કોઇની ચાલી હોય તો તે એકમાત્ર સુધર્માસ્વામીની છે. વર્તમાન સમસ્ત સાધુ સાધ્વીરૂપ શ્રમણસંઘની પરંપરાના આદ્ય ગુરુ શ્રી સુધર્માસ્વામી છે. શ્રી સુધર્માસ્વામી મગધદેશની સમીપના વિદ્યાના ધામ જેવા કોલ્લાગસન્નિવેશ ગામમાં બ્રાહ્મણ જાતિમાં અગ્નિવેશ્યાયન ગોત્રવાલા વિપ્રવર્યશ્રી ધમ્મિલના ઘરે ભદ્દિલા બ્રાહ્મણીની કુક્ષીથી જન્મ લીધો હતો. ઉત્તરાફાલ્ગુની (હસ્તોત્તરા) નક્ષત્રમાં જન્મેલા આ સુધર્મા આગળ જતા મહાન વિદ્વાન

બન્યા. બ્રહ્મચર્યાશ્રમમાં વિદ્યાધ્યયન સમાપ્ત કરી તેઓએ ગૃહસ્થાશ્રમમાં પગલા માંડ્યા. કર્મકાંડી એ શાસ્ત્રના જ્ઞાતા પંડિતશ્રેષ્ઠ તરીકેની એમની યશકીર્તિ દશે દિશામાં પ્રસરી હતી. ચૌદ વેદ વિદ્યાના પારંગામી વિદ્વદ્શિરોમણી સુધર્મ પંડિતનું પુરુ નામ હતુ- શ્રી સુધર્મ ધમ્મિલ અગ્નિવેશ્યાયન હતું. તેઓશ્રી અધ્યાપક તરીકે વ્યવસાયમાં જોડાયેલા હતા એમના જ્ઞાનથી આકર્ષાઇને ૫૦૦ બ્રાહ્મણો એમના શિષ્ય બન્યા હતા.

આટલી મોટી વિદ્વત્તામાં પણ એક મનની વાત એ કોઇને પણ જણાવતાં નહોતા, શાસ્ત્રાર્થ અને વાદ-વિવાદમાં નિષ્ણાત અને વાદિ વિજેતા આ પંડિતના મનમાં એવું ઠસી ગયું હતું કે આ જન્મ જેવો જ આવતો જન્મ થાય છે. મૃત્યુ પછી જન્મ ભલે બદલાય. પરંતુ ગતિ નથી બદલાતી, એનું કારણ એમ કે શાલીમાંથી શાલીજ ઉત્પન્ન થાય છે. એવી જ રીતે માણસ મરીને માણસ જ થાય, ઘોડો મરીને ઘોડોજ થાય, દેવ મરીને દેવ અને નારકી મરીને પાછો નારકી એમ તેઓ જન્માન્તર સાદૃશ્યમાં માનતા હતા.

યોગાનુયોગ સોમિલ બ્રાહ્મણના આમંત્રણને માન આપીને તેઓ જ્યારે અપાપાપુરીમાં યજ્ઞમાં પોતાના ૫૦૦ શિષ્યો સાથે પધાર્યા હતા. અને જ્યારે પોતાની આગળ ચાર મોટા ધુરંધર વિદ્વાનોને ભગવાન પાસે સમવસરણમાં ગયેલા જાણ્યા ત્યારે તેઓ પણ તૈયાર થયા. સમવસરણમાં ત્રિકાળજ્ઞાની, સર્વજ્ઞ શ્રી મહાવીર પ્રભુ પાસે પોતાની શંકા વ્યક્ત કરી. પ્રભુએ તેને કહ્યું કે, ''હે સુધર્મ ! તું **''પુરુષો વૈ પુરુષત્વમપશવઃતે પશુત્વમ્''** આ વેદ પદનો અર્થ પુરુષ પુરુષપણાને અને પશુઓ પશુપણાને ભવાંતરમાં પામે છે એવી જાતનો વિચાર કરીને એવા નિશ્ચયવાળો થઇ ગયો છે કે, મનુષ્ય મરીને મનુષ્ય જ થાય અને પશુઓ મરીને પશુઓજ થાય. પરંતુ બીજી ગતિને ન પામે એટલે જે જેવો હોય, તે તેવો જ થાય. તારી આ માન્યતા બરાબર નથી કારણ કે આ વેદપદનો અર્થ એવો છે કે કોઇ મૃદુતા અને સરલતાદિ ગુણવાળા આત્માઓ મનુષ્યપણે રહી મરીને પણ મનુષ્યનો અવતાર પામે છે. એટલે મનુષ્ય થાય છે. તેમજ તેવા પશુ પણાને અપાવનારા કોઇ કર્મથી કેટલાક પશુઓ પણ મરીને પશુ પણાને પામે છે. એવા અર્થને બતાવનારાં આ વેદ પદો છે. પરંતુ મનુષ્ય મરીને મનુષ્યજ થાય અને પશુ મરીને પશુ જ થાય, બીજી ગતિમાં જાય જ નહીં, એવો અર્થ સૂચવનારાં નથી.કારણ કે, **''શૃગાલો વૈ એષ જાયતે યઃ સપુરુષો દહ્યતે''** એટલે જે મનુષ્યને વિષ્ટા સહિત બાળવામાં આવે તે મનુષ્ય શિયાળ થાય છે. આવા વેદપદો મનુષ્ય શિયાળ થાય છે એમ કહે છે. તેથી એમ સમજવું કે કર્મ પ્રમાણે મનુષ્ય કે પશુ પણ નારકી, તિર્યંચ, મનુષ્ય કે દેવ પણે ઉત્પન્ન થાય છે. એટલે જીવ કર્મ પ્રમાણે ચાર ગતિમાં ઉત્પન્ન થાય છે. મનુષ્ય પશુ કેમ થાય ? ડાંગર વાવ્યાથી ઘઉં ઉત્પન્ન થતા નથી, એવો તારા મનમાં જે તર્ક ઉત્પન્ન થાય છે તે પણ ઠીક નથી. કારણે છાણથી પણ વીંછીની ઉત્પત્તિ દેખાય છે. વગેરે વીરપ્રભુનાં વચનો સાંભળી સંશય નાશ પામવાથી પ્રતિબોધ પામી વિનીત ભાવે નમ્ર બનેલો પોતાના પાંચસો વિદ્યાર્થી શિષ્યો સહિત સુધર્મા પંડિત પ્રભુચરણે

નમી પડ્યા પછી પ્રભુ પાસેથી પરિવાર સહિત દીક્ષા લઇ પ્રભુના શિષ્ય થયા, એમણે પણ પ્રભુ પાસેથી ત્રિપદી પામી દ્વાદશાંગીની રચના કરી.

કર્મની વિચિત્રતાનો વિપાક સમજ્યા, અને જીવનો જન્માન્તર તેમજ ગત્યંતર સમજીને ૫૦ વર્ષની ઉંમરે ત્યાં ને ત્યાંજ સર્વ સમર્પિતભાવથી ૫૦૦ શિષ્યો સાથે દીક્ષા લઇને સાચા સાધુ બન્યા. બસ હવે તો પ્રભુના ચરણોમાં જ જીવન જીવવું છે, એમની વાણીનું જ પાન કરવું છે.

તેમનું કુલ આયુષ્ય ૧૦૦ વર્ષનું હતું નિરૂપક્રમ આયુષ્યવાળા તેઓશ્રીએ ૫૦ વર્ષ ઘર સંસારમાં વીતાવ્યા અને ૫૦ વર્ષ ચારિત્ર પાળ્યું.

વીર પ્રભુ પાસેથી ત્રિપદી પામી દ્વાદશાંગીની રચના કરી, ૧૪ પૂર્વના જ્ઞાતા થયા. તેઓશ્રી ચોથા આરામાં જન્મેલા અને વજ્રઋષભનારાચ નામનું સર્વશ્રેષ્ઠ શારીરિક સંઘયણ અને સર્વોત્તમ સમચતુરસ્ર સંસ્થાનવાળુ શરીર પામ્યા હતા. પુણ્ય પ્રતાપી મહાપુરૂષે ૫૦ વર્ષના ચારિત્ર પર્યાયમાં ૮ વર્ષનું કેવળીપર્યાય ભોગવ્યું. જો કે અગીયારે ગણધરોમાં સહુથી મોટામાં મોટી ૧૦૦ વર્ષની ઉંમર તેમની જ હતી. પરન્તુ સહુથી ઓછામાં ઓછો કેવળીપર્યાય ફક્ત ૮ વર્ષ પણ સુધર્માસ્વામીનો જ હતો. ૪૨ વર્ષના દીર્ઘકાળ સુધી તેઓ છદ્મસ્થ રહ્યા. અને ભગવાન મહાવીરના નિર્વાણ પછી ઉંમરના ૯૨ વર્ષે કેવળજ્ઞાન-કેવળ દર્શન પામ્યા હતા. અને આઠ વર્ષ સુધી કેવળજ્ઞાની રહીને ૧૦૦ વર્ષની અંતિમ ઉંમરે તેઓશ્રી રાજગૃહી પધાર્યા. ઉમરમાં સહુથી મોટા હોવાના કારણે બીજા બધા જ ગણધરો પોતાનો શિષ્યપરિવાર એમને સોંપતા ગયા. બીજા કોઇ ગણધરોની લાંબી શિષ્ય પરંપરા નથી ચાલી પરન્તુ પાંચમા ગણધરશ્રી સુધર્માસ્વામીની શિષ્ય પરંપરા ઘણી લાંબી ચાલી. તેમના શિષ્ય જંબુસ્વામી કેળજ્ઞાન પામી મોક્ષે ગયા જંબુસ્વામીના શિષ્ય પ્રભવસ્વામી, તેમના શિષ્ય શય્યંભવસ્વામી... આદિ શિષ્યના શિષ્ય પ્રશિષ્યાદિની પરંપરા ચાલી અને વર્તમાન અવસર્પિણીના ૨૧૦૦૦ વર્ષના પાંચમા આરાના અન્તિમ છેડે થનારા શ્રી દુપ્પસહસૂરિ સુધી ચાલશે. ત્યાં સુધી તેમના આગમ અંગસૂત્રાદિ રહેશે. અત્યારે પ્રચલિત દ્વાદશાંગી તેમની જ છે અને સર્વસાધુ-સાધ્વી તેમની જ શિષ્ય પરંપરામાં છે.

૧૦૦ વર્ષની ઉંમરે રાજગૃહીમાં તેમણે છેલ્લે ૧ માસની સંલેષણા સાથે પાદપોપગમન કરી દેહ છોડી, સદાને માટે જન્મ-મરણનો ફેરો ટાળી, ભગવાન મહાવીર પછી અજરામર સ્થાન નિર્વાણ-મોક્ષપદ પામ્યા.



પૂષ્પ પૂજા

# (લઘુસંગ્રહણી) જૈન ભૂગોળ

- આ. હરિભદ્રસૂરિ મ.

જંબૂદ્વીપ જેમાં જલ પણ છે સ્થળ પણ છે...
નદીઓ પણ છે સાગર પણ છે...
ખીણો પણ છે ટેકરા પણ છે...
પર્વતો પણ છે શિખરો પણ છે...

આપણે ધીરે ધીરે આ બધાનો પરિચય કરવાનો છે. પરંતુ આ પરિચય મેળવતાં એક લક્ષ્ય રાખવાનું છે. કે અહિં સામાન્યતાથી જે વિવેચન આપવામાં આવ્યું છે તે જંબુદ્વીપના શાશ્વત પદાર્થોનું છે. અશાશ્વત... નાશવંત પદાર્થો સતત પરિવર્તનને પામતા હોવાથી એમનું વર્ણન આપેલું નથી. જેનું ઘર ક્યારે પણ બદલાઇ જાય એનું સરનામું લેવાથી શો ફાયદો થાય ? તેવી જ રીતે જે વસ્તુ ક્યારે પણ નાશ પામી જાય એની જાણકારી મેળવવાથી શું લાભ થાય ?

ચાલો ! લઘુ સંગ્રહણીના આધારે આપણે આગળ વધીએ. શાશ્વત પર્વતો ક્યા ક્યા છે ? તેની જાણકારી મેળવવા પ્રયાસ કરીએ.

## પર્વતો

કુલ પર્વતો બસો ઓગણસિત્તેર છે. પર્વતો ક્ષેત્રના વિભાગ કરનાર છે. આ પર્વતોના અભ્યાસ માટે નીચે પ્રમાણે વિભાગ પાડી શકાય છે -

| | |
|---|---|
| અ) વૃત્ત વૈતાઢ્ય પર્વતો | -૦૦૪ |
| આ) દીર્ઘ વૈતાઢ્ય પર્વતો | -૦૩૪ |
| ઇ) વક્ષસ્કાર પર્વતો | - ૦૧૬ |
| ઈ) ચિત્ર - વિચિત્ર પર્વતો | - ૦૦૨ |
| ઉ) યમક-સમક પર્વતો | - ૦૦૨ |
| ઊ) કંચનગિરિ પર્વતો | - ૨૦૦ |
| એ) ગજદન્તગિરિ પર્વતો | - ૦૦૪ |
| ઐ) મેરૂ પર્વત | - ૦૦૧ |
| ઓ) વર્ષધર પર્વતો | - ૦૦૬ |
| કુલ પર્વતો | -૨૬૯ જંબુદ્વીપમાં છે. |

## ચાર વૃત્ત વૈતાઢ્ય પર્વતો

આ ચાર પર્વતોનો આકાર ગોળ પ્યાલા જેવો છે. આ પર્વતો ૧૦૦૦ યોજન ઉંચા અને મૂળમાં - મધ્યમાં તથા ઉપર પણ ૧૦૦૦ યોજનવાળા છે.

હિમવંત ક્ષેત્રની મધ્યમાં રહેલા વૃત્ત વૈતાઢ્યનું નામ શબ્દાપાતી છે.

હિરણ્યવંત ક્ષેત્રની મધ્યમાં રહેલા વૃત્ત વૈતાઢ્યનું નામ વિકટાપાતી છે.

હરિવર્ષ ક્ષેત્રની મધ્યમાં રહેલા વૃત્ત વૈતાઢ્યનું નામ ગંધાપાતી છે.

રમ્યક્ ક્ષેત્રની મધ્યમાં રહેલા વૃત્ત વૈતાઢ્યનું નામ માલ્યવંત છે.

## ચોત્રીસ દીર્ઘ વૈતાઢ્ય પર્વતો

ભરત અને ઐરાવત ક્ષેત્રની વચ્ચે એક -એક અને મહાવિદેહક્ષેત્રની વચ્ચે બત્રીસ વૈતાઢ્ય પર્વતો એમ કુલ ચોત્રીસ દીર્ઘ વૈતાઢ્ય પર્વતો છે. આ દરેક વૈતાઢ્ય પૂર્વ-પશ્ચિમ લાંબો અને ૨૫ યોજન ઉંચો છે.

## સોળ વક્ષસ્કાર પર્વતો

મહાવિદેહ ક્ષેત્રમાં ૩૨ વિજયો છે. સોળ મેરુપર્વતના પૂર્વમાં અને ૧૬ મેરુપર્વતની પશ્ચિમમાં આ સોળ વિજયો ફરી આઠ ઉત્તરમાં અને આઠ દક્ષિણમાં એમ કુલ ચાર વિભાગમાં વહેંચાયેલી છે. હવે અહિં એક વિજય પછી વક્ષસ્કાર પર્વત પછી વિજય પછી અંતરનદી ફરીથી વિજય વક્ષસ્કાર વિજય એવી રીતે દરેક ભાગમાં ૪-૪ વક્ષસ્કાર પર્વતો છે. ચારે ભાગમાં (૪×૪) કુલ મળીને સોળ વક્ષસ્કાર પર્વત છે. આ વક્ષસ્કાર પર્વતો ઉત્તર દક્ષિણ લાંબા છે. પહોળાઇમાં ૫૦૦ યોજન છે. પ્રારંભમાં ઉંચાઇ ૪૦૦ યોજન છે. પછી વધતી બીજા છેડે ૫૦૦ યોજન થાય છે. આ પ્રત્યેક પર્વત ૧૦૦ થી ૧૨૫ યોજન જમીનમાં ઉંડો છે. વક્ષ એટલે છાતી. મહાવિદેહની વિજયો આમને -સામને છે તેમજ આ પર્વતો પણ આમને -સામને છે. એક બાજુના પર્વત નિષધ પર્વતથી ઉત્તર તરફ જાય છે. જ્યારે બીજો સામેનો પર્વત નીલવંત પર્વતથી દક્ષિણ તરફ જાય છે. જે સામ સામે જાણે સામે છાતીએ ભેટતા હોય એમ જણાય છે. અથવા વિજયોની મર્યાદા (હદ જાળવવા) બાંધી સામી છાતીએ રક્ષા કરતા જણાય છે. તેથી તે વક્ષસ્કાર કહેવાય છે.

## બે ચિત્ર - વિચિત્ર પર્વતો

મહાવિદેહ ક્ષેત્ર અંતર્ગત આવેલા દેવકુરુ ક્ષેત્રમાં આ બે પર્વતો આવેલા છે. એક પૂર્વ તરફ છે તો બીજો પશ્ચિમ તરફ છે. બન્ને પર્વતો ગોળાકાર છે. ૧૦૦૦ યોજન ઉંચા છે.મૂળમાં ૧૦૦૦ યોજન વિસ્તારવાળા ઉપર ૫૦૦ યોજનના વિસ્તારવાળા થાય છે. આ પર્વતનો આકાર ઉર્ધ્વગોપુચ્છ જેવો છે.

## બે યમક-સમક પર્વતો


આ બન્ને પર્વતો ચિત્ર-વિચિત્ર પર્વતો જેવા જ છે. પરંતુ આ પર્વતો મહાવિદેહ ક્ષેત્ર અંતર્ગત આવેલા


ઉત્તરકુરુ ક્ષેત્રમાં છે.

## બસો કંચનગિરિ પર્વતો

મહાવિદેહ ક્ષેત્ર અંતર્ગત આવેલા દેવકુરુ અને ઉત્તરકુરુ ક્ષેત્રમાં આ પર્વતો આવેલા છે. દેવકુરુ-ઉત્તરકુરુ ક્ષેત્રના મધ્યમાં એક એકની ઉપર પાંચ-પાંચ સરોવરો આવેલા છે. બન્ને ક્ષેત્રના ૧૦ સરોવર છે.

આ દસ સરોવરોની પૂર્વ અને પશ્ચિમ ૧૦-૧૦ કંચનગિરિ આવેલા છે.




નામ પ્રમાણે કંચનગિરિ કંચનવર્ણી છે. સો યોજન ઉંચી ભૂમિ ઉપર છે તથા બન્ને બાજુ ઘટતા ઘટતા ૫૦ યોજનના થતાં શિખરના આકારવાળા છે.

## ચાર ગજદંતગિરિ પર્વતો



ગજ એટલે હાથી અને દંત એટલે દાંત. હાથીના દાંત જેવા આ પર્વત હોવાથી ગજદંતગિરિ કહેવાય છે. આ ચારે પર્વતો મૂળમાં ૫૦૦ યોજન પહોળા અને છેડે અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણે પાતળા છે. લાંબા અને વચ્ચે વાંકા હોવાથી હાથીના દાંત જેવા દેખાય છે. બે પર્વતો સૌમનસ અને વિદ્યુત્પ્રભ દેવકુરુને ઘેરીને રહેલા છે. તે અનુક્રમે શ્વેત અને લાલ વર્ણના છે. માલ્યવંત અને ગંધમાદન આ બે પર્વતો ઉત્તરકુરુને ઘેરીને રહેલા છે. તે અનુક્રમે લીલા અને પીળા વર્ણના છે. .

## મેરુ પર્વત

જંબુદ્વીપના તેમજ મહાવિદેહના બરાબર મધ્યમાં મંદર દેવના નામ ઉપરથી મંદરમેરુ નામનો પીળો સુવર્ણમય પર્વત છે. આ મેરુ પર્વત લાખ યોજનનો છે. ૧૦૦૦ યોજન અંદર અને ૯૯૦૦૦ યોજન બહાર છે. ૧૦૦૦ યોજન પહોળો ગોળાકાર છે. આ મેરુ પર્વતના ત્રણ કાંડ છે. ત્રણ કાંડ ઉપર ત્રણ અને એક પર્વતની તળેટિમાં એમ કુલ ચાર વન છે. મેરુ પર્વતના શિખર ઉપર પાંડુક વન છે. આપાંડુકવનમાં ૫૦૦ યોજન લાંબી, ૨૫૦ યોજન પહોળી અને ચાર યોજન જાડી અર્જુન (શ્વેત) સુવર્ણની ૪ (ચાર) મહાશીલાઓ ચાર દિશામાં છે. આ શીલાઓ ઉપર તે તે દિશામાં જન્મેલા તીર્થંકર ભગવંતનો જન્માભિષેક થાય છે. ચાર શીલાઓ ઉપર છ સિંહાસન હોય છે.

## છ વર્ષધર પર્વતો

વર્ષ એટલે ક્ષેત્ર અને ધર એટલે ધારણ કરનારા. બે ક્ષેત્રોની વચ્ચે રહેલા અથવા ક્ષેત્રની સરહદ બનીને બે ક્ષેત્રને જુદા પાડનાર પૂર્વ-પશ્ચિમ રહેલા છે. લંબચોરસ આકારના છે.

**૧. ચુલ્લહિમવંત :-** આ પર્વત ભરતક્ષેત્ર અને હિમવંત ક્ષેત્રને જુદો પાડનાર બન્નેની વચ્ચે રહેલો છે. આ પર્વત પીળો સુવર્ણમય અને ૧૦૦ યોજન ઉંચો છે. તથા ૨૫ યોજન અંદર છે, ૧૦૫૨ ૧૨/૧૯ યોજન પહોળો છે.

**૨. મહાહિમવંત :-** આ પર્વત હિમવંત ક્ષેત્ર અને હરિવર્ષ ક્ષેત્રને જુદો પાડનાર બન્નેની વચ્ચે રહેલો છે. આ પર્વત પીળો સુવર્ણમય અને ૨૦૦ યોજન ઉંચો છે તથા ૫૦ યોજન અંદર છે, ૪૨૧૦ ૧૦/૧૯ યોજન પહોળો છે.

**૩. નિષધ પર્વત :-** આ પર્વત હરિવર્ષ ક્ષેત્ર અને મહાવિદેહ ક્ષેત્રને જુદો પાડનાર તથા બન્નેની વચ્ચોવચ્ચ રહેલો છે. આ પર્વત લાલ તપાયેલા સૂવર્ણના રંગનો અને ૪૦૦ યોજન ઉંચો છે, તથા ૧૦૦ યોજન અંદર છે, ૧૬૮૪૨ ૨/૧૯ યોજન પહોળો છે.

**૪. નીલવંત પર્વત :-** આ પર્વત મહાવિદેહ ક્ષેત્ર અને રમ્યક્ ક્ષેત્રને જુદો પાડનાર તથા બન્નેની વચ્ચોવચ્ચ રહેલો છે. આ પર્વત લીલા વર્ણનો વૈડૂર્યરત્નમય, ૪૦૦ યોજન ઉંચો છે તથા ૧૦૦ યોજન અંદર છે, ૧૬૮૪૨ ૨/૧૯ યોજન પહોળો છે.

**૫. રુક્મિ પર્વત :-** આ પર્વત રમ્યક્ક્ષેત્ર અને હૈરણ્યવંતક્ષેત્રને જુદો પાડનાર તથા બન્નેની વચ્ચોવચ્ચ રહેલો છે. આ પર્વત શ્વેત વર્ણનો રૂપ્યમય (ચાંદિનો બનેલો), ૨૦૦ યોજન ઉંચો છે તથા ૫૦ યોજન અંદર છે. ૪૨૧૦ ૧૦/૧૯ યોજન પહોળો છે.

**૬. શિખરી પર્વત :-** આ પર્વત હૈરણ્યવંત ક્ષેત્ર અને ઐરાવતક્ષેત્રને જુદો પાડનાર તથા બન્નેની વચ્ચોવચ્ચ રહેલો છે. આ પર્વત પીળા વર્ણનો સુવર્ણમય, ૧૦૦ યોજન ઉંચો, ૨૫ યોજન અંદર છે. ૧૦૫૨ ૧૨/૧૯ યોજન પહોળો છે.



**ધૂપ પૂજા**

# શ્રાવક દિનકૃત્ય

## અષ્ટપ્રકારી પૂજા તથા આશાતના ત્યાગ

મેરુશિખર ઉપર ઇન્દ્ર મહારાજાએ સુવર્ણ પ્રમુખ આઠ જાતિના કળશાથી પ્રભુજીનો જન્માભિષેક કર્યો હતો તેને મનમાં ચિંતવતા બે હાથમાં કળશ ધારણ કરી મૌનપણે પ્રભુજીનો અભિષેક કરવો. પછી જળથી પ્રભુજીને પખાળીને ત્રણ સુંવાળા અંગલુછણાથી પ્રભુનું અંગ નિર્જળ કરવું. પછી પ્રભુજીની નવાંગી કેસર-ચંદનથી પૂજા કરવી. નવાંગી પૂજા કર્યા પછી પુષ્પ પૂજા કરી અંગ રચના કરે પછી અગ્ર પૂજામાં ધૂપ, દીપ અક્ષત-નૈવેદ્ય અને ફળ પૂજા કરીને ભાવથી પ્રભુજીની ભાવ પૂજા (ચૈત્યવંદન) કરે. આ અષ્ટપ્રકારી પૂજા સર્વ સામાન્ય હોવાથી સવિશેષતાથી જણાવી નથી. દ્રવ્યપૂજા માટેની જરૂરી સુચનાઓ આગળ બતાવવામાં આવશે.

### અષ્ટપ્રકારી પૂજાનું પ્રયોજન :

અષ્ટકર્મના વિનાશને માટે, સિદ્ધ ભગવંતના આઠ ગુણોને પ્રગટ કરવા માટે અને મોક્ષ ન મળે ત્યાં સુધી અષ્ટમહાસિદ્ધિ વગેરે પામવા માટે પ્રભુજીની ઉત્કૃષ્ટ ભાવથી અષ્ટપ્રકારી પૂજા અવશ્ય કરવી જોઇએ.

જિનેશ્વર પરમાત્માનો અભિષેક કરવાથી જલપૂજા કરવાથી આત્મા કર્મમલને દૂર કરીને નિર્મળતાને પામે છે.

પ્રભુજીની ચંદન પૂજા કરવાથી જીવ સંસારની આધિ-વ્યાધિમાં શીતલતા, સમતા, શાંતિને પામે છે.

પરમાત્માની પુષ્પ પૂજા કરવાથી જીવને ગુણોની સુવાસ એવમ સુમનની (સારા મનની) પ્રાપ્તિ થાય છે.

દેવાધિદેવની ધૂપ પૂજા કરવાથી ધૂપની જેમ આત્માની ઉર્ધ્વગતિ થાય છે.

અરિહંતની દીપક પૂજા કરવાથી અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થઇ સમ્યગ્જ્ઞાનનો દીપક પ્રગટે છે.

વીતરાગની અક્ષત પૂજા કરવાથી રાગદ્વેષમય સંસારની ચાર ગતિમાં આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના દ્વારા સિદ્ધગતિરૂપ પંચમ ગતિને પામે છે.

જિનેશ્વર પરમાત્માની નૈવેદ્યપૂજાથી આત્મા આહાર સંજ્ઞાથી મુક્ત બની અણહારી પદને પામે છે.

પ્રભુજીની ફળ પૂજા દ્વારા સર્વ આરાધનાના સારરૂપ મોક્ષફળને સાધક પ્રાપ્ત કરે છે.

### દેવપૂજા માટે વસ્ત્રશુદ્ધિ

પૂર્વોક્ત રીતે સ્નાન કર્યા પછી, પવિત્ર, સુકુમાળ, સુગંધી રેશમી કે સુતરાઉ સુંદર વસ્ત્ર, રૂમાલ પ્રમુખથી અંગલુછણા કરીને બીજું શુદ્ધ વસ્ત્ર પહેરતાં ભીનું વસ્ત્ર યુક્તિ પૂર્વક ઉતારીને ભીના પગથી મલિન જમીનને

સ્પર્શ કર્યા વગર પવિત્ર સ્થાનકે આવીને ઉત્તર દિશા સામે ઉભા રહીને મનોહર, નવું,ફાટેલું નહીં, સાંધેલુ નહીં, બળેલું નહીં, પારકું નહીં એવું પહોળું, નિર્મળ, ધૂપથી ધૂપેલા શ્વેત વસ્ત્રને પરમાત્માની પૂજા માટે ધારણ કરે. જે વસ્ત્રને પહેરીને વડીનીતિ, લઘુનીતિ કે ભોજન કર્યું હોય તે વસ્ત્ર પૂજા માટે અયોગ્ય જાણવું દેવપૂજામાં વાપરવાના વસ્ત્ર દેવપૂજા સિવાય બીજે ક્યાંય પણ વાપરવા નહીં. દેવપૂજાના વસ્ત્ર થોડીવાર જ વાપરવા અને વારંવાર ધોવા, પૂજાના વસ્ત્ર પોતાના સંસારીક કામના વસ્ત્રની સાથે કે પારકાં બાળ, વૃદ્ધ સ્ત્રી પ્રમુખનાં વસ્ત્રની સાથે ન મૂકવાં, તથા પ્રાયેઃ કરીને પારકાં વસ્ત્ર પૂજા માટે પહેરવાં જ નહીં.

## દેવ પૂજા માટે દ્રવ્ય શુદ્ધિ

સારી જમીનમાં ઉત્પન્ન થયેલાં, સારા ગુણવાળા, જાણીતા-ભરોસાદાર માણસ પાસેથી મંગાવેલા, પવિત્ર વાસણમાં ભરી ઢાંકીને લાવેલાં, લાવનારને માર્ગમાં નીચ જાતિના સાથે સ્પર્શ ન થતાં ઘણી યતનાથી લાવેલા, લાવનારને બરાબર મૂલ્ય આપી પ્રસન્ન કરીને મંગાવેલા (તેને અકળાવીને છેતરીને કે કપટ કરીને ચોરી લીધેલા ફૂલ અયોગ્ય ગણાય છે)ફૂલ વાપરવા.. એવી રીતે પવિત્ર સ્થાનક ઉપર રાખેલા, શોધેલા, કેશર, કપૂર, બરાસ, જાતિવંત ચંદન, ધૂપ, ગાયના ઘી નો દીવો, અખંડ અક્ષત, તત્કાળ બનાવેલા, અને ઉંદર બીલાડી આદિ હિંસક જીવે સુંઘેલાં, ખાધેલાં કે સ્પર્શેલાં નહીં એવા પકવાન પ્રમુખ નૈવેદ્ય અને તાજા મનોહર સુસ્વાદીષ્ટ મનગમતા સચિત્ત-અચિત્ત પ્રમુખ ફળ વાપરવાં. આ શુદ્ધિઓ (વસ્ત્ર શુદ્ધિ તથા ઉપકરણ શુદ્ધિ) સાથે સાથે શ્રાવકે મનની શુદ્ધિ, વચનની શુદ્ધિ, કાયાની શુદ્ધિ, ભૂમિની શુદ્ધિ તથા ભાવની શુદ્ધિ આદિ સાત શુદ્ધિ જિનાલયમાં પ્રવેશ કરતા જાળવવી જોઇએ... જિનરાજની પૂજા એ શ્રાવકનું નિત્યકર્તવ્ય છે. પુણ્યાનુબંધી પુણ્યનું અદ્ભૂત સાધન છે. પણ આ જિન પૂજા કરતાં શુદ્ધિ અને વિધી જાળવવી અત્યંત આવશ્યક છે. જિનપૂજા કરતાં મુખ્ય વૃત્તિએ તો મૌન જ રહેવું જોઇએ. જો તેમ ન બની શકે તો પણ પાપ હેતુક વચન તથા પાપ હેતુક કાયિક સંજ્ઞા તો અત્યંત ત્યાગ કરવા યોગ્ય જ છે.

જેમ જિનપૂજા સુખદાયી છે તેમ જાણતાં કે અજાણતાં થયેલી જિન આશાતના દુઃખદાયી પણ છે. અજ્ઞાનતાથી થયેલી જિનરાજની આશાતના પણ જીવને દુઃખદાયી છે, તો જાણવા છતાં જો આશાતના કરીએ તો તે સવિશેષ દુઃખ ક્ષ્ટને આપનારી બને એમાં શું આશ્ચર્ય છે ? અર્થાત્ આશ્ચર્યકારક નથી જ...

જગતગુરુ... દેવાધિદેવની પૂજા કરતાં શરીરે ખરજ ખણવી કે મુખથી થુંક બળખો નાખવા પ્રમુખ આશાતના વર્જવી.

જિનરાજની પૂજા કરતાં આપણો વાળ જિનાલયમાં ન પડે... અથવા પ્રભુજીને ન અડે એની કાળજી રાખવી જોઇએ.

વીતરાગની પૂજા કરતાં બરાબર અષ્ટપડા મુખકોશનો ઉપયોગ રાખવો. પ્રભુજીને પૂજા કરતાં નખ આદિ ન લાગી જાય એનો ઉપયોગ રાખવો...

પરમાત્મ પૂજા માટે શારીરીક શુદ્ધિ તેમજ ઉપયોગમાં લેવાતી પ્રત્યેક સામગ્રીની શુદ્ધિ રાખવા સાવધાન

રહેવું.

આવી સાવધાની ન રાખવાથી આ જીવ સંસારમાં ઘણા સમય સુધી પરિભ્રમણ કરે છે. દુઃખ કષ્ટ ને પામીને નીચ કુળોમાં જન્મ મરણ કરે છે.

**उचिट्ठं फल कुसुमं नैवज्झंवा जिणस्स जो देइ ।**
**सो निअगोअं कम्मं, बंधइ पायन्न जम्मंमि ।।**

અયોગ્ય ફળ, ફૂલ કે નૈવેદ્ય ભગવાનને ચઢાવે તો તે પરલોકમાં નીચકુળમાં ઉત્પન્ન થવાનું નીચગોત્ર કર્મ બાંધે છે.

કામરૂપ પટ્ટણ નગરમાં એકચાંડાળને ઘરે એક પુત્ર ઉત્પન્ન થયો. તેનો જન્મ થતાં જ તેના પૂર્વભવના વૈરી વ્યંતરીક દેવતાએ ત્યાંથી હરણ કરીને તેને વનમાં મૂક્યો. એ વખતે કામરૂપ પટ્ટણનો રાજા વનમાં ફરવા નીકળેલો હતો. તેણે તે બાળકને વનમાં પડેલો દેખી પોતે અપુત્રીઓ હોવાથી તેને પોતાના દરબારમાં લાવીને પુણ્યસાર નામ આપી, પાળીપોષીને યૌવનાવસ્થામાં ભણાવી ગણાવી હોશિયાર કર્યો. છેવટે તેને રાજ્ય આપી રાજાએ  દીક્ષા લીધી. સંયમની સુંદર આરાધના કરતાં ઘાતી કર્મ ખપાવી કેવળજ્ઞાન પામ્યા. કેવળજ્ઞાની રાજર્ષિ વિચરતાં વિચરતાં કામરુપ પટ્ટણે આવ્યા. પુણ્યસાર રાજા તેમજ નગરના લોકો તેમને વંદન કરવા આવ્યા. આ અવસરે  પુણ્યસારને જન્મ આપનારી ચાંડાળણી માતા હતી તે પણ ત્યાં આવી. સર્વ સભા સમક્ષ રાજાને દેખતાંજ તેણીના સ્તનમાંથી દૂધની ધારા છુટી ધરતિપર પડવા લાગી. આ જોઇ આશ્ચર્ય પામેલા રાજાએ કેવળી ભગવંતને પૂછ્યું- ''હે ભગવંત ! આ ચાંડાળણીના સ્તનમાંથી મને દેખીને દુધની ધારા કેમ છુટી ?'' કેવળી ભગવંતે કહ્યું : ''હે રાજન્ ! એ તારી માતા છે. મેં તો તને વનમાં પડેલો દેખી ત્યાંથી ઉઠાવી લીધો હતો.''

રાજન્ પૂછવા લાગ્યા- '' હે સ્વામિન ! ક્યા કર્મથી હું ચાંડાળ કુળમાં ઉત્પન્ન થયો ?''

ઉત્તર આપતાં કેવળી ભગવંતે કહ્યું - ''પૂર્વભવમાં તું વ્યાપારી હતો તેં એકદા જિનેશ્વરની પૂજા કરતાં પુષ્પ જમીન ઉપર પડેલું હતું તે ચઢાવવા લાયક નથી એમ જાણવા છતાં પણ એમાં શું થયું ? એમ અવજ્ઞા કરીને પ્રભુને તેં ચઢાવ્યું હતું તેથી તું નીચ ગોત્રમાં ઉત્પન્ન થયો છે.''

તારા પૂર્વભવની જે માતા હતી તેણીએ એક દિવસ સ્ત્રીધર્મ (રજસ્વળા) માં આવેલી છતાં પણ દેવપૂજા કરી, તે કર્મથી તે મરણ પામ્યા પછી ચાંડાળણી તરીકે ઉત્પન્ન થઇ છે. આવાં વચન સાંભળીને રાજા વૈરાગ્ય પામી દીક્ષા ગ્રહણ કરી દેવગતિને પામ્યા.

પ્રભુજીની આશાતનાનું ફળ જાણીને આશાતના ટાળવા સતત પ્રયત્નશીલ રહેવું. પ્રભુની ઉત્કૃષ્ટ ભાવથી તથા ઉત્કૃષ્ટ સામગ્રીથી પૂજા કરીને માનવ જીવનને સફળ બનાવવા ઉદ્યમવંત રહેવું.

પરમાત્માની દ્રવ્ય પૂજા કરતાં પરમાત્મા પ્રત્યે ઉત્કૃષ્ટ બહુમાન જાળવવું.

## પરમાત્મ પૂજાની ચોભંગી

દેવાધિદેવ તીર્થંકર પરમાત્માની પૂજા કરતી વખતે યથાયોગ્ય બહુમાન અને સમ્યગ્ વિધિ એ બન્ને હોય તો જ પૂજા મહાલાભકારી થાય છે. આ વાત વિશેષથી બતાવવા પરમાત્મ પૂજાની ચોભંગી એટલે ચાર ભેદ બતાવે છે.

૧. પરમાત્મા પ્રત્યે સાચું બહુમાન અને સાચી વિધિ.

૨. પરમાત્મા પ્રત્યે સાચું બહુમાન પણ વિધિ સાચી ન હોય.

૩. પૂજા વિધિ સાચી પણ પરમાત્મા પ્રત્યે સમ્યગ્ બહુમાન ન હોય.

૪. પૂજા વિધિ સાચી ન હોય અને સમ્યગ્ બહુમાન પણ ન હોય.

ઉપરના જણાવેલા ચાર ભાગોમાંથી પહેલા બે ભાગો યથાનુક્રમે લાભકારી જાણવા. છેલ્લા બન્ને ભાગો ખરેખર આદરવા યોગ્ય નથી. પરમાત્મા પ્રત્યે મનમાં ઉત્કૃષ્ટ ભાવ નિર્માણ કરી કરેલી પૂજા જ આત્માને નિર્મળ બનાવે છે અને મોક્ષ માર્ગમાં આગળ વધારે છે.

## બીજાની કરેલી આંગી ઉતારીને આંગી થાય કે નહીં ?

अह पुव्वं चिअ केणइ, हरिज्ज पूआ कया सुविहवेण ।
तंपि सविसेससोहं, जह होइ तह तहा कुज्जा ।।

આપણે પ્રભુજીની પૂજા કરવા જઇએ અને આપણને પ્રભુજીની આંગી ભરવાના ભાવ થાય તો પ્રથમ કોઇએ આંગી કરેલ હોય તો તે ઉતારીને આપણાથી ફરી આંગી કરી શકાય કે કેમ ? આવો પ્રશ્ન ઘણા આરાધકોના મનમાં આવતો હોય છે. આ પ્રશ્નનું સમાધાન ઉપરોક્ત શ્લોકમાં કરતાં ભાષ્યમાં જણાવ્યું છે કે ''જો કોઈકે પહેલાં પૂજા કરેલી હોય કે આંગી રચેલી હોય અને તેવી પૂજા કે આંગી બની શકે એવી પૂજા-આંગીની સામગ્રી પોતાની પાસે ન હોય તો તે આંગીના દર્શનનો લાભ લેવાથી ઉત્પન્ન થતાં પુણ્યાનુંબંધી પુણ્યના અંતરાય થવાના કારણથી તે પૂર્વની આંગી ઉતારે નહીં પણ તે આંગી પૂજાને વિશેષ શોભા બની શકે એમ હોય તો પૂર્વની પૂજા ઉપર વળી વિશેષ રચના કરે પણ પૂર્વ આંગી પૂજા વિછિન્ન કરે નહિ.

## મૂળનાયકની પ્રથમ પૂજા શા માટે ?

કેટલાક આરાધકોને શંકા થાય છે કે બધા તીર્થંકર સરખા હોવા છતાં પ્રથમ મૂળનાયકની અને પછી બીજા પરિવારની પૂજા શા માટે ? આ શંકાનું સમાધાન કરતાં શાસ્ત્રકારો જણાવે છે :-

મૂળનાયક અને બીજા જિનબિંબ એ સર્વ તીર્થંકર જોતા થકાં સર્વ સરખાજ છે છતાં સ્થાપના સમયે એવી કલ્પના કરેલી છે કે આ તીર્થંકરને મૂળનાયક ગણવા ત્યારે એજ વ્યવહારથી મૂળનાયક પ્રથમ પુજાય છે, પરંતુ બીજા તીર્થંકરોની અવજ્ઞા કે આશાતનાની બુદ્ધિ બિલકુલ છે જ નહીં.

સર્વ પ્રતિમાઓ એક સરખી પ્રશાંત મુદ્રાવાળી હોતી નથી. પણ મૂળનાયકની પ્રતિમા તો વિશેષકરી

પ્રશાંત મુદ્રાવાળી જ હોય છે. તેથી ઝટ બોધ પામી શકાય છે; માટે પ્રથમ મૂળનાયકની જ પૂજા કરવી એજ યોગ્ય છે.

**उचिअत्तं पूआए, विसेस करणं तु मूलबिंबस्स ।**
**जपडइ तथ्थ पढमं, जणस दीठ्ठी सहमणेणं ।।**

પૂજા કરતાં વિશેષ પૂજા તો મૂળનાયક બિંબની જ ઘટે છે. કેમકે દેરાસરમાં પેસતાં પ્રથમથી જ મૂળનાયક પર સર્વ લોકની દૃષ્ટિ પડે છે અને મનની એકતા થાય છે.

દેવાધિદેવની પૂજા વિધિપૂર્વક જ કરવી પણ અવિધિથી ન કરવી. અવિધિથી કરવાથી પૂજાનો મહાન લાભ સાધક ગુમાવે છે. અને અલ્પ લાભને પ્રાપ્ત કરે છે. દ્રવ્યાર્થી કોઇ બે પુરુષ દેશાંતરે જઇ કોઇક સિદ્ધપુરુષની સેવા કરતા હતા. વિનયપૂર્વકની ઘણી સેવાથી સિદ્ધપુરુષ તેમના ઉપર પ્રસન્ન થયા અને તેમણે દેવાધિષ્ઠિત મહિમાવંત તુંબફળના બીજ આપી તેનો વિધિ બતાવ્યો. આ બીજ સો વાર ખેડેલા ખેતરમાં મંડપની છાયા કરી, અમુક નક્ષત્ર વાર, યોગે વાવવાં, જ્યારે તેનો વેલો ઉત્પન્ન થાય, ત્યારે પ્રથમથી ફળનાં બીજ લઇ સંગ્રહ કરી રાખવો. પછી પુષ્પ, ફળ, ડાંખળી સહિત વેલાને ખેતરમાં જ એમને એમ રાખી નીચે એવો કાંઇક સંસ્કારકરવો કે જેથી એના ઉપર પડેલી રાખ વ્યર્થ ન જાય પછી તે સુકેલા વેલાને બાળી નાંખવો. તેની જે રાખ થાય તે સિદ્ધ ભસ્મ ગણાયછે. ચોસઠ તોલા તામ્ર ગાળી તેમાં એક રતી સિદ્ધભસ્મ નાંખવી કે જેથી તે તત્કાળ સુવર્ણ બની જશે. એમ બન્ને જણને શિખવી રજા આપી. તે બન્ને જણ પોતપોતાના ઘેર ગયા. તે બે માંથી એક જણે યથાવિધિ કરવાથી તેને તેના કહ્યા પ્રમાણે સુવર્ણ થયું અને બીજાએ તેની વિધિમાં કાંઇક ભૂલ કરી તેથી તેને સુવર્ણને બદલે ચાંદી થઇ. પણ સુવર્ણ ન થયું. માટે જે જે કાર્ય છે, તે બધા યથાવિધિ થાય તો જ સંપૂર્ણ લાભકારક જાણવા. તેથી જ કહ્યું છે કે –

**धन्नाणं विहिजोगो, विहिपख्खाराहगा सया धन्ना ।**
**विहि बहुमाणी धन्ना, विहि पख्खा अदुसगा धन्ना ।।**

જેની ક્રિયા વિધિ સંયુક્ત હોય તેમને ધન્ય છે. વિધિસંયુક્ત કરવા ધારતા હોય તેમને ધન્ય છે, વિધિમાર્ગ ઉપર આદર બહુમાન રાખનારને ધન્યછે. વિધિમાર્ગને નિંદે નહીં એવા પુરુષોને પણ ધન્ય છે.

'અવિધિથી કરવા કરતાં ન કરવું સારું.' એમ બોલવાથી ઉત્સુત્ર પ્રરૂપણાનો દોષ લાગે છે સર્વથા ન કરવા કરતાં પણ અવિધિથી કરવું સારૂં છે. તેથી ધર્માનુષ્ઠાન દરરોજ કરતાં જ રહેવું અને કરતાં કરતાં જેમ બને તેમ વિધિયુક્ત થાય તેવો ઉદ્યમ કરવો એજ શ્રેયસ્કર છે. હરકોઇ પણ ધર્માનુષ્ઠાન પોતાની શક્તિ પ્રમાણે યથાવિધિ કરીને છેવટે અજાણતાં બનેલી અવિધિ આશાતનાનો દોષ દૂર કરવા માટે મિચ્છામિ દુક્કડં દેવું.

# કર્મવિજ્ઞાન

(આધાર ગ્રંથ - ''કર્મ વિપાક'' (પ્રથમ કર્મગ્રંથ)
આ. દેવેન્દ્રસૂરિ મ.

## મોહનીય કર્મ (ચાલુ..)

**मीसा न रागदोसो, जिणधम्मे अंतमुहू जहा अन्ने ।**
**नालिअर दीवमणुणो, मिच्छं जिणधम्म विवरीअं ।। १६ ।।**

ગાથાર્થ :- જેમ નાળિયેર દ્વીપના માણસોને અન્ન ઉપર રાગ કે દ્વેષ ન હોય, તેમ મિશ્ર મોહનીય કર્મથી જૈન ધર્મ ઉપર અન્તર્મુહૂર્ત સુધી રાગ કે દ્વેષ ન હોય. જૈન ધર્મથી વિપરીત શ્રદ્ધા તે મિથ્યાત્વ મોહનીય છે.

નાળિયેરદ્વીપમાં કોઇ પ્રકારનું ધાન્ય થતું નથી. આ દ્વીપના માણસોએ ધાન્ય (અન્ન) જોયું નથી, એના વિષે સાંભળ્યું નથી અને ક્યારેય ખાધું નથી તેથી તેમને અન્ન ઉપર રાગ ન હોય... તેમજ દ્વેષ પણ ન હોય...

તેવી જ રીતે મિશ્ર મોહનીય કર્મના ઉદયે જિનધર્મ વિષે રાગ પણ ન હોય અને દ્વેષ પણ ન હોય.... સમભાવ હોય છે...

આ મિશ્રભાવ અંતર્મુહૂર્ત સુધી જ હોય છે. પછી જીવ અધ્યવસાયોની શુદ્ધિ-અશુદ્ધિના કારણે સમ્યક્ત્વ અથવા મિથ્યાત્વ પામે છે.

**सोलस कसाय नव नो कसाय, दुविहं चरित्त मोहणीयं ।**
**अण-अपच्चक्खाणा, पच्चक्खाणा य संजलणा ।। १७ ।।**

ગાથાર્થ :- સોળ કષાય અને નવ નોકષાયોવડે બે પ્રકારનું ચારિત્ર મોહનીય કર્મ છે. અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન (એમ ચાર પ્રકાર કષાયના છે.)

અહિંસા... સત્ય... અસ્તેય... બ્રહ્મચર્ય અને અપરિગ્રહાદિ સદાચારથી યુક્ત ચારિત્ર છે. આવા ચારિત્રમા મુંઝવે તે ચારિત્ર મોહનીય કર્મ છે.

આ ચારિત્ર મોહનીય કર્મના બે ભેદ છે-

(૧) કષાય મોહનીય કર્મ અને (૨) નો કષાય મોહનીય કર્મ.

''કષ'' એટલે સંસાર અને

''આય'' એટલે આવક...લાભ.

જેનાથી સંસારનો લાભ કે વૃદ્ધિ થાય તે કષાય કહેવાય. કષાય ચાર છે-

(૧) **ક્રોધ -** એટલે ગુસ્સો, કોપ, આવેશ, રોષ વિગેરે.

(૨) **માન -** એટલે અહંકાર, અભિમાન, મોટાઇ, ઘમંડ, ગર્વ વિગેરે.

(૩) **માયા -** એટલે જ શઠતા, ઠગાઇ, છળ પ્રપંચ, કપટ, વિગેરે.

(૪) **લોભ** - એટલે જ લાલચ, આસક્તિ, મમત્વ, મૂર્ચ્છા વિગેરે.

આ ચાર કષાયના (૧) અનંતાનુબંધી (૨) અપ્રત્યાખ્યાની (૩) પ્રત્યાખ્યાની અને (૪) સંજ્વલન એમ ૪-૪ પ્રકાર થાય છે. તેથી કુલ સોળ કષાયના ભેદ છે.

અનંત સંસારનો અનુબંધ કરાવનાર મિથ્યાત્વનો ઉદય કરે તે **અનંતાનુબંધી** (ક્રોધ-માન-માયા-લોભ) ચાર કષાય છે.

જેના ઉદયથી થોડું પણ પચ્ચક્ખાણ ઉદયમાં ન આવે તે **અપ્રત્યાખ્યાની** (ક્રોધ-માન-માયા-લોભ) ચાર કષાય છે.

જેના ઉદયથી સર્વ વિરતિ ઉદયમાં ન આવે તે **પ્રત્યાખ્યાની** (ક્રોધ, માન-માયા-લોભ) ચાર કષાય છે.

ચારિત્ર લઇને ઉત્કૃષ્ટ સાધના કરતા સર્વવિરતિધરને પણ કાંઇક બાળે-મલિનતા લાવે તે **સંજ્વલન** (ક્રોધ-માન-માયા-લોભ) ચાર કષાય છે.

## નોકષાય

કષાય તો નહિ પણ **કષાયોના સહચારી, પ્રેરક અને ઉત્પન્ન કરનારા અંતે કષાય પણે પરિણમે** તે **નોકષાય** કહેવાય છે.

નો કષાયના નવ ભેદ છે-

(૧) હાસ્ય (૨) રતિ (૩) અરતિ (૪) શોક (૫)ભય (૬) જુગુપ્સા (૭) સ્ત્રી વેદ (૮) પુરુષ વેદ અને (૯) નપુંસક વેદ.

**जा-जीव -वरिस-चउमास-पक्ख-गा निरय-तिरिअ-नर अमरा ।**
**सम्मा-ऽणु सव्व-विरइ-अहक्खाय-चरित्त- घाय-करा ।।१८।।**

ગાથાર્થ - યાવજ્જીવ, એક વરસ, ચાર મહિના અને પક્ખવાડીયા સુધી રહેનારા, નરક-તિર્યંચ-મનુષ્ય અને દેવગતિના કારણ ભૂત, સમ્યક્ત્વ દેશવિરતિ-સર્વવિરતિ અને યથાખ્યાત ચારિત્રનો નાશ કરનાર છે.

આ ગાથામાં કષાયોની કાળ પ્રમાણતા... ગતિદાયકતા... અને ગુણઘાતકતા જણાવવામાં આવી છે.

ચારેય અનંતાનુબંધી કષાય ઉત્કૃષ્ટથી યાવજ્જીવ સુધી રહે.

ચારે અપ્રત્યાખ્યાની કષાય ઉત્કૃષ્ટથી એક વર્ષ સુધી રહે.
ચારે પ્રત્યાખ્યાની કષાય ઉત્કૃષ્ટથી ચાર મહિના સુધી રહે.
ચારેય સંજ્વલન કષાય ઉત્કૃષ્ટથી પંદર દિવસ સુધી રહે.
અનંતાનુબંધી-કષાયના ઉદયે મરે તો નરક ગતિમાં જાય.
અપ્રત્યાખ્યાની કષાયના ઉદયે મરે તો તિર્યંચ ગતિમાં જાય.
પ્રત્યાખ્યાની કષાયના ઉદયે મરે તો મનુષ્ય ગતિમાં જાય.
સંજ્વલન કષાયના ઉદયે મરે તો દેવ ગતિમાં જાય.
અનંતાનુબંધી કષાય સમ્યકત્વ પામવા ન દે.
અપ્રત્યાખ્યાની કષાય દેશવિરતિ ચારિત્ર પામવા ન દે.
પ્રત્યાખ્યાની કષાય સર્વવિરતિ ચારિત્ર પામવા ન દે.
સંજ્વલન કષાય યથાખ્યાત ચારિત્ર પામવા ન દે.

## કષાય કેવા છે ?

**जल-रेणु पुढवी-पव्वय-राइ सरिसो-चउ-व्विहो कोहो ।**
**तिणिस-लया-कट्ठट्ठिअ-सेल-त्थंभोवमो माणो ।।१९।।**

ગાથાર્થ :- પાણીમાં અને રેતીમાં પડેલા લીંટા તથા જમીનમાં અને પર્વતમાં પડેલી ચીરાડ જેવો ચાર પ્રકારનો ક્રોધ અને માન નેતરની સોટી, લાકડા, હાડકા અને પત્થરના થાંભલા જેવો હોય છે.

**(૧) સંજ્વલન ક્રોધ -** આ ક્રોધ પાણીમાં કરેલી લીટી સમાન છે જે બહુજ અલ્પકાળમાં વિલય પામી જાય. શાંત થઇ જાય.

**(૨) પ્રત્યાખ્યાની ક્રોધ -** આ ક્રોધ રેતીમાં કરેલી લીટી સમાન છે આ લીટી પાણીની લીટીની જેમ તરત અને સ્વયં ન મીટે. પરંતુ જોરથી પવન ફુંકાય તો કાંઇક વધુ સમયે મીટે. આ ક્રોધ શાંત થતા વધુ સમય લાગે.

**(૩) અપ્રત્યાખ્યાની ક્રોધ -** આ ક્રોધ ફાટી ગયેલી પૃથ્વીની રેખા સમાન છે. આ તિરાડ જલ્દી પૂરાતી નથી વરસાદ આવે... માટી ભીની થાય-પીગળે પછીજ પુરાય. તેમ આ ક્રોધથી થયેલી તિરાડને પુરાતાં પ્રત્યાખ્યાની કરતાં કાંઇક વધુ સમય લાગે.

**(૪) અનંતાનુબંધી ક્રોધ -** આ ક્રોધ પર્વતમાં પડેલી તિરાડ સમાન છે. જે ક્યારેય પુરાતી નથી. આ ક્રોધ મૃત્યુની ક્ષણ સુધી શાન્ત ન થતાં ભવાન્તરમાં પણ જીવને હેરાન -પરેશાન કરે છે.

આ ચારે ક્રોધ અનુક્રમે મંદ-તીવ્ર -તીવ્રતર અને તીવ્રતમ છે.

માનમાં અક્કડતા છે તેથી તેવા દ્દષ્ટાંતથી સમજાવેલ છે.

**(૫) સંજ્વલન માન-** આ માન નેતરની સોટી જેવો છે. નેતરની સોટીને સહજતાથી નમાવી શકાય છે. સંજ્વલન માનવાળી વ્યક્તિ સ્હેજ સમજાવતાં તે અક્કડતા ત્યજી દઇ નમી પડે છે.

**(૬) પ્રત્યાખ્યાની માન-** આ માન લાકડાની સોટી જેવો છે. લાકડાને નમાવવું નેતર કરતાં વધારે મુશ્કેલ હોય છે. આ માનધારી જીવોને સમજાવવા અને નમાવવા પણ મુશ્કેલ હોય છે.

**(૭) અપ્રત્યાખ્યાની માન -** આ માન હાડકાના થાંભલા જેવો છે. શું હાડકાને નમાવી શકાય? સંભવિત લાગતું નથી.છતાં ઘણા પ્રયોગો કરી... મહાકષ્ટે એને નમાવી શકાય છે. તેવી જ રીતે અપ્રત્યાખ્યાની માનવાળી વ્યક્તિ અતિ-ઘણું સમજાવતાં મહાકષ્ટે સમજે છે કાંઇક નમે છે.

**(૮) અનંતાનુબંધી માન-** આ માન પત્થરના થાંભલા જેવો છે. પત્થરના થાંભલાને નમાવવાના ગમેતેટલા પ્રયાસ કરવામાં આવે તો પણ તે બધા નિષ્ફળ જ છે. પત્થરનો થાંભલો તુટે પણ નમે નહિ.તેવી જ રીતે અનંતાનુબંધી માનવાળા જીવો મૃત્યના ક્ષણસુધી પણ નમવા તૈયાર થતા નથી. તેઓ તુટી જાય-ફના થઇ જાય-ડૂબી જાય પરંતુ વટ ખાતર માનને છોડતા નથી.

मायावलेहि-गोमुत्ति-मिंढ-सिंग- घणवंसिमूलसमा ।
लोहा हलिद्दखंजण-कद्दम-किमि-राग-सामाणो ।। २० ।।

ગાથાર્થ - છોલ, ગોમૂત્રની ધાર, ઘેટાના શીંગડા અને વાંસના કઠણ મૂળ જેવી ચાર પ્રકારની માયા અને લોભ હળદર-કાજળ -ગાડાના પૈડાની કીલ અને કીરમજી રંગ જેવો હોય છે.

**(૯) સંજ્વલન માયા-** માયામાં વક્રતા છે તેથી તેવા દૃષ્ટાંતથી સમજાવેલ છે. સંજ્વલન માયા લાકડાની વાંસની છોલ સમાન છે. તેમાં વક્રતા હોય પણ તેને સુખે સુખે સીધી કરી શકાય.

**(૧૦) પ્રત્યાખ્યાની માયા-** આ માયા ગોમૂત્રિકા સમાન છે. બળદ ગાડીમાં જોડાયેલા બળદની મૂત્રધાર ગતિના કારણે આડી-અવળી વક્રતાવાળી હોય છે. પરંતુ પવન લાગતાં તે વક્રતા ત્યાગી સરળ બને છે. તેમ પ્રત્યાખ્યાની માયાવાળો જીવ લાંબા કાળે કષ્ટથી વક્રતા -માયા છોડે છે.

**(૧૧) અપ્રત્યાખ્યાની માયા-** આ માયા ઘેટાના સીંગડા જેવી છે. ઘેટાના શીંગડાની વક્રતા અતિ કઠિણ છે. મહાકષ્ટે -મહાપ્રયાસે ટળે એવી છે. તેમ અપ્રત્યાખ્યાની માયા ત્યજવી અતિ દુષ્કર છે.

**(૧૨) અનંતાનુબંધી માયા-** આ માયા વાંસના કઠણ મૂળીયા જેવી છે. વાંસના મૂળીયા અતિ મજબૂત અને અતિવક્ર હોય છે. ક્યારે પણ સરળતાને ન પામે. વધારે ખેંચવા જતાં તૂટે પણ વક્રતાને ન છોડે તેમ અનંતાનુબંધી માયાવાળો જીવ મરે પણ માયા ન છોડે. આવી તીવ્રતમ અનંતાનુબંધી માયાછે.

**(૧૩) સંજ્વલન લોભ-** લોભ આત્માને રંજિત કરે છે... રંગે છે એટલે લોભ માટેના દૃષ્ટાંત રંગ દ્વારા સમજાવેલ છે. સંજ્વલન લોભ હળદરના રંગ સમાન છે. હળદરના ડાગવાળા વસ્ત્રને સાબુથી ધોઇ તડકામાં રાખતાં જ રંગ ગાયબ થઇ જાય છે. આવી રીતે સંજ્વલન લોભનો રંગ તરત ઉડી જાય છે.

**(૧૪) પ્રત્યાખ્યાની લોભ -** અંજન કાજળ જેવો આ લોભ છે કાજળનો ડાગ વસ્ત્ર ઉપરથી સહજતાથી ન નિકળે, કષ્ટે રંગ દૂર થાય. તેમ આ પ્રકારનો લોભ પણ કષ્ટે જાય.

**(૧૫) અપ્રત્યાખ્યાની લોભ -** ગાડાના પૈડામાં રહેલ કર્દુમ (કિલ) જેવો આ લોભ છે. તીવ્રતર હોવાથી આ લોભ મહાકષ્ટે જાય.

**(૧૬) અનંતાનુબંધી લોભ-** આ લોભ કીરમજી રંગ જેવો છે. કીરમજી એટલે મજીઠનો રંગ બહુ

પાકો હોય છે. કપડું ફાટે પણ રંગ ઝાંખો ન થાય. તેમ આ લોભ વાળો જીવ મરે પણ લોભને ન છોડે.

**जस्सुदया होइ जीए, हास रई अरई सोग भय कुच्छा ।**
**सनिमित्तमन्नहा वा, तं इह हासाइ मोहणीयं ।। २१ ।।**

ગાથાર્થ- જેના ઉદયથી જીવને નિમિત્ત હોય અથવા ન હોય તો પણ હાસ્ય, પ્રેમ, નારાજગી, શોક, બીક, અને દુગંચ્છા થાય છે તે અહીં હાસ્ય મોહનીય કર્મ કહેવાય છે.

જે કર્મના ઉદયથી જીવને હસવું આવે તે હાસ્યનોકષાય ચારિત્ર મોહનીય કર્મ.

જે કર્મના ઉદયથી જીવને સાતાવેદાય તે રતિ નોકષાય ચારિત્ર મોહનીય કર્મ.

જે કર્મના ઉદયથી જીવને અસાતા વેદાય તે અરતિ નોકષાય ચારિત્ર મોહનીય કર્મ.

જે કર્મના ઉદયથી જીવને શોક થાય તે શોક નોકષાય ચારિત્ર મોહનીય કર્મ.

જે કર્મના ઉદયથી જીવને બીક લાગે તે ભય નોકષાય ચારિત્ર મોહનીય કર્મ.

જે કર્મના ઉદયથી જીવને જુગુપ્સાજાગે તે દુગંચ્છા નોકષાય ચારિત્ર મોહનીય કર્મ.

આ કર્મ નિમિત્ત સાથે અથવા નિમિત્ત વિના પણ ઉદયમાં આવે

**पुरिसित्थि-तदुभयं पइ अहिलासो जव्वसाहवइ सो-उ ।**
**थी-नर -नपुं वेओदओ, फुंफुंम तण नगर दाह समो ।। २२ ।।**


ગાથાર્થ :- જેના કારણે પુરુષ, સ્ત્રી, અને તે બન્ને તરફ ઇચ્છા દોડે છે, તે બકરીની લીંડીઓ, ઘાસ અને નગરના દાહ જેવો સ્ત્રી-પરુષ અને નપુંસક વેદનો ઉદય હોય છે.

પુરુષની ઇચ્છા કરાવે તે સ્ત્રીવેદ કહેવાય છે. તે બકરીની લીંડીઓના અગ્નિ જેવો છે ઉપશમતાં વાર લાગે.

સ્ત્રીની ઇચ્છા કરાવે તે પુરષવેદ કહેવાય છે તે તૃણના અગ્નિ સમાન છે જે જલ્દીથી શાંત થાય.

સ્ત્રી-પરુષ બન્નેની ઇચ્છા કરાવે તે નપુંસકવેદ કહેવાય છે અને તે નગરના દાહ સમાન છે તે ક્યારે પણ શાંત થાય જ નહીં.

વિજાતિયાદિમાં મોહ ઉત્પન્ન કરી તેને ભોગવવાની પ્રચંડ લાગણી ઉત્પન્ન કરી, તેમાં આનંદ આનંદ માનવાનું સંવેદન ઉત્પન્ન કરાવી આત્માને મુંઝવે... પોતાના ખરા માર્ગથી ભ્રષ્ટ કરીને સમ્યક્ ચારિત્રનું આવરણ કરાવે... નવા કર્મ બંધાવી સંસાર વધારે છે. એવા પ્રકારનું આ વેદ નોકષાય મોહનીય કર્મ છે. મોહનીય કર્મના કુલ ૨૮ ભેદ છે.



# વિરતિ પાટિકા

## મારે લોભના દરીયામાં ડૂબવું નથી !

**भुवण क्कमण समत्थे लोभ समुद्दे विसप्प माणांसि ।**
**कुणइ दिसा परिमाणं सुसवाओ सेउबंधव ।।**

ત્રણ ભુવનને આક્રમણ કરવાને (દબાવવાને- પલાળવાને કે ડૂબાડવાને) સમર્થ લોભ સમુદ્ર દુનિયા ઉપર પ્રસરી રહ્યો છે તેનાથી બચવા માટે સેતુબંધ સમાન (પાળ કે પુલની જેમ) ઉત્તમ શ્રાવકોએ દિશાનું પરિમાણ (નિયમન) કરવું જોઇએ.

વિશ્વમાં મોટામાં મોટો સમુદ્ર ક્યો ? એવો તમને કોઇ સવાલ પૂછે તો તમારો જવાબ શું હશે ?

પ્રશાંત મહાસાગર ?...

લવણ સમુદ્ર ?... કાલોદધિ સમુદ્ર...? કે ક્ષીર સમુદ્ર...?

આ બધા જવાબો ઉપર ચોકડી મારતાં જ્ઞાની મહાત્માઓ કહેછે દુનિયામાં લોભ સમુદ્રથી મોટો કોઇ સમુદ્ર નથી. લોભ સમુદ્ર એટલો બધો ગંભીર એટલે ઉંડો અને પહોળાઇવાળો છે કે જેની અંદર આ ત્રણ જગત ક્ષણવારમાં ગરકાવ-ગેબ થઇ જાય છે... ડૂબી જાય છે. આ ત્રણ જગતમાં રહેલા સુંદર પદાર્થોની આ જીવને પ્રાપ્તિ થાય તો પણ એનો અગાધ લોભ સમુદ્ર તૃપ્ત થતો નથી.

લોભ માનવીને અસંતોષી બનાવે છે. અસંતોષ માનવીને અનેક દિશાઓમાં દ્રવ્ય સંચય કરવા નિમિત્તે અનિયમિત રીતે પરિભ્રમણ કરાવે છે. ધર્મ માટે અનુકૂળ દેશ અને ઉત્તમ ધર્મિષ્ઠ મનુષ્યોનો સહવાસ અપેક્ષિત હોય છે. આવી પરિસ્થિતી ન હોતાં માનવી ધર્મથી ભ્રષ્ટ થાય છે.

જેમની દૃષ્ટિ સત્ય આત્મા તરફ વળેલી છે, તેવા ધર્માત્મા જીવોને તો લોભને કાબુમાં લાવવા નિમિત્તે તથા લાંબા પ્રવાસ કે હિંસાવાળા વ્યાપારથી થતી હિંસા અટકાવવા નિમિત્તે આ વ્રતનું પાલન કરવાની ખાસ આવશ્યક્તા છે.

આ બાહ્ય દિશા પ્રમાણના રૂપથી મનને આખી દુનિયાના વિષયોમાં ફરતું અટકાવી છેવટે પોતાના સ્વરૂપમાં લાવી મુકવાની આંતર સૂચના કરવામાં આવી છે. એ વ્રતનું ગુપ્ત રહસ્ય છે.

આવો ! આ વ્રતને અને એના અતિચારોને જાણી-સમજી-ઓળખી આપણા જીવનમાં સ્વીકારવા તત્પર બનીએ-

છઠ્ઠું દિક્પરિમાણ નામે પ્રથમ ગુણવ્રત-ત્રણ પ્રકારે જાણવું-ઉર્ધ્વદિશાવ્રત, બીજું અધોદિશાવ્રત અને ત્રીજું તિર્છિદિશાવ્રત એમ ઉંચી, નીચી અને તિર્છિદિશામાં જાવા આવવાનો નિયમ કરે કે અમુક દિશામાં એટલા માઇલ અથવા કિલોમીટર પર્યંતમારે જાવું-આવવું ઉપરાંત જવું-આવવું નહીં તેમાં અનાભોગપણે અથવા

પ્રમાદને પ્રસંગે જે અતિચાર દોષ લાગે તે પાંચ પ્રકારેછે. તેના નામ આ પ્રમાણે છે.

પ્રથમ ઉર્ધ્વદિશાપ્રમાણાતિક્રમ એટલે ઉર્ધ્વદિશાનું સો માઇલ અથવા કિલોમીટરનું પ્રમાણ કર્યું છે તેને અનાભોગપણે અતિક્રમી ને વધારે પંથ કરી આગળ જાય તો ઉર્ધ્વદિશા પ્રમાણાતિક્રમ અતિચાર લાગે. તેમજ બીજો તે નીચેના દિશાના પ્રમાણને અતિક્રમ્યું હોય અને ત્રીજો તિર્ચ્છિદિશાના પ્રમાણ કરેલા માઇલને અતિક્રમ્યું હોય ચોથો ખિત્તવુઢ્ઢિ એટલે ક્ષેત્રવૃદ્ધિ નામક અતિચાર જાણવો અને પાંચમો સયંતરદ્ધા એટલે સ્મૃતિઅંતર્ધાન જેમ કે કોઇ દિશામાં સો માઇલનું પ્રમાણ કરેલું હોય અને તે દિશામાં જતી વખતે વિચારે કે મેં સો માઇલનું પ્રમાણ કર્યું છે કે પચાસ માઇલનું પ્રમાણ કર્યું છે ? એવી રીતે જે શંકા થાય સ્પષ્ટ ન સાંભરે તે પાંચમો સ્મૃતિ અંતર્ધાન નામક અતિચાર જાણવો. **સ્મૃત્યંતદદ્ધો સ્મૃતેર્ભ્રંશ**- અહિંઆ વિસ્મૃતિથી સો માઇલના કરેલા પ્રમાણથી પચાસ માઇલ વધારે થાય તો અતિચાર લાગે અને સો માઇલના પ્રમાણથી સો માઇલ વધારે જાય તો વ્રતનો ભંગ થાય.

અહિં ઉર્ધ્વદિશા, અધોદિશા અને તિર્ચ્છિદિશા તે ચારે દિશા અને ચારે વિદિશા જાણવી એ દિશાઓમાં જવાનું જેટલા માઇલનું પ્રમાણ કરેલું હોય તેને વિસારીને સહસાત્કાર પણે તે દિશામાં ગયા હોઇએ અને પ્રમાણનો અતિક્રમ કર્યો હોય તો ત્રણ દિશાના ત્રણ અતિચાર જાણવા. અને ચોથા ક્ષેત્રવૃદ્ધિ અતિચાર -જેમ કે પૂર્વદિશામાં સો માઇલ જવાનું પ્રમાણ કરેલું હોય અને તે દિક્ષામાં દોઢસો માઇલ જવાનું કામ પડે ત્યારે બીજી દક્ષિણ આદિ દિશાના પચાસ માઇલ તેમાં ભેળવી લે અને મનમાં વિચારે કે પૂર્વ દિશાના પચાસ માઇલ વધાર્યા છે તો દક્ષિણ દિશાના ઓછા કરી નાખ્યા છે એ પ્રકારના કુવિકલ્પ કરી એક બાજુની દિશાની ભૂમિના માઇલ ઓછા કરી બીજી દિશાના માઇલ વધારે તો અતિચાર લાગે અને પાંચમું સ્મૃતિઅંતર્ધાન તે દિશાવ્રતનું પ્રમાણ કરી પછી વિસારી મુકે કે અમુક દિશામાં પચાસ માઇલ જવાનું છે કે સો માઇલ જવાનું છે ?

''હું પરદેશમાં... (સંખ્યા અને નામ) થી અધિક દેશોમાં જઇશ નહીં. અથવા હું પરદેશમાં જઇશ નહીં.'' આ વ્રતમાં આવું પચ્ચક્ખાણ કરવાનું હોય છે.

લીધેલા પચ્ચક્ખાણના સુંદર પાલન માટે નીચેના નિયમો આપણને સહાયતા કરે છે-

(૧) હું અમેરિકા, ઇંગ્લેન્ડ, આફ્રિકા, જાપાન વગેરે દેશોને છોડીને અન્ય દેશોમાં જઇશ નહીં.

(૨) હું જીવનમાં..................... થી વધારે વખત પરદેશમાં જઇશ નહીં.

(૩) હું ચાતુર્માસમાં પરદેશ જઇશ નહીં.

(૪) હું હિન્દુસ્તાન છોડીને બહાર /પરદેશ જઇશ નહીં.

(૫) હું જીવનમાં.....................થી વધારે વખત વિમાનની મુસાફરી કરીશ નહીં.

(૬) હું જીવનમાં................થી વધારે વખત સ્ટીમર, જહાજ, નાવ વગેરેમાં મુસાફરી કરીશ નહીં.

(૭) હું ચાતુર્માસમાં તીર્થયાત્રા સિવાય ક્યાંય બહાર જઇશ નહીં.

(૮) હું ચાતુર્માસમાં ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મુંબઇ છોડીને બીજા રાજ્યોમાં જઇશ નહીં.

(૯) હું ઉપર......................કિ.મી. થી વધારે ઉપર જઇશ નહીં.

(૧૦) હું નીચે....................કિ.મી. થી વધારે નીચે જઇશ નહીં.

(૧૧) હું રાતે ૯/૧૦/૧૧ વાગ્યાપછી કોઇ અનિવાર્ય સંજોગો સિવાય ઘરમાંથી બહાર જઇશ નહીં.